# વડાપ્રધાનની શિખામણનો અહીં જ અમલ નહિ : એકતરફ પીએમનો બચતનો સંદેશ, બીજી તરફ આયોજકો દ્વારા ઇંધણનો ધુમાડો!


સભાસ્થળ પર ખુલ્લા જોખમી વીજવાયરો


બિનજરૂરી ઇંધણો બગાડ કરતુ જનરેટર


સભાસ્થળના માર્ગ પર વિખેરાયેલા કાચના ટુકડા

વડોદરા : વડોદરામાં પ્રાઈવેટ ઇન્સ્ટિટ્યૂટના જે કાર્યક્રમમાં વડાપ્રધાન મોદી જનતાને સંબોધિત કરવાના હતા, ત્યાં આયોજનમાં મોટી કચાસ અને ગંભીર લાપરવાહી જોવા મળી હતી. સંસ્થા દ્વારા દૂર-દૂરથી મોટી સંખ્યામાં પબ્લિકને બોલાવવામાં તો આવી, પરંતુ તેમની સુરક્ષાને નેવે મૂકી દેવાઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. જે માર્ગ પરથી લોકો સભાસ્થળ તરફ જઈ રહ્યા હતા, ત્યાં રસ્તા પર કાચના ટુકડા વેરાયેલા હતા, જે પદયાત્રીઓ માટે જોખમી સાબિત થઈ શકે તેમ હતા. આટલું જ નહીં, સૌથી ગંભીર બાબત એ હતી કે વીજળીના જીવંત વાયરો પણ રોડ પર ખુલ્લા હાલતમાં જોવા મળ્યા હતા. આયોજકોની આ આળસ અને વહીવટી ક્ષતિ કોઈ મોટી હોનારતને નોતરે તેવી હતી. પ્રધાનમંત્રી દેશની સુરક્ષા અને વ્યવસ્થાની વાતો કરતા હતા, ત્યારે બીજી તરફ આયોજકોની આ ઘોર બેદરકારીએ લોકોમાં રોષ અને ડરનો માહોલ પેદા કર્યો હતો. વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ્યારે મંચ પરથી યુદ્ધના કારણે સર્જાયેલી વૈશ્વિક કટોકટીનો ઉલ્લેખ કરી દેશહિતમાં પેટ્રોલ-ડીઝલ અને તેલનો વપરાશ ઘટાડવાની ગંભીર અપીલ કરી રહ્યા હતા, ત્યારે કાર્યક્રમના આયોજકોમાં જ આ આહવાનની અસર શૂન્ય જોવા મળી હતી. ખાનગી સંસ્થાના આયોજકો દ્વારા સભાસ્થળ પર જનરેટરોનો બેફામ વેડફાટ જોવા મળ્યો હતો. નવાઈની વાત તો એ હતી કે, પાર્કિંગ ખાલી હોવા છતાં અને જરૂરિયાત ન હોવા છતાં માત્ર મોટા જનરેટરો ધમધમતા છોડી દેવાયા હતા. એક તરફ પીએમ દેશને કરકસરનો પાઠ ભણાવી રહ્યા હતા, ત્યારે બીજી તરફ આયોજકોની આળસને કારણે કિંમતી ડીઝલ અને વીજળીનો જાહેરમાં વેડફાટ થતો રહ્યો, જે લોકોમાં ચર્ચાનો વિષય બન્યો હતો. (તસવીર : રણજીત સુર્વે)

જલારામ મંદિરે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને વિવિધ રોજગારલક્ષી ક્ષેત્રોની અપાઈ વિસ્તૃત માહિતી

## મંગલેશ્વર મહાદેવ ટ્રસ્ટ દ્વારા કારકિર્દી માર્ગદર્શન શિબિર યોજાઈ

નિષ્ણાતોએ ભવિષ્યની કારકિર્દી, પ્રાયોગિક તાલીમ અને રોજગારની તકો અંગે આપ્યું માર્ગદર્શન



(પ્રતિનિધિ) વડોદરા, તા.11
મંગલેશ્વર મહાદેવ ટ્રસ્ટ દ્વારા જલારામ મંદિર ખાતે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે કારકિર્દી માર્ગદર્શન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને રોજગારલક્ષી જ્ઞાન, વિવિધ ક્ષેત્રોની માહિતી તેમજ યોગ્ય કારકિર્દી પસંદગી માટે માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. શિબિરમાં વિવિધ ક્ષેત્રોના નિષ્ણાત વક્તાઓ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને પોતાની રસ અને ક્ષમતા મુજબ કારકિર્દી પસંદ કરવા માટે પ્રેરણા અને માર્ગદર્શન આપ્યું હતું. માર્ગદર્શનના મુખ્ય વિષયો હેઠળ તબીબી ક્ષેત્ર, કરવેરા અને હિસાબી ક્ષેત્ર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ખર્ચ હિસાબી નિષ્ણાત, કંપની સચિવ, બેંકિંગ ક્ષેત્ર, હોટેલ મેનેજમેન્ટ, પ્રાધ્યાપક ક્ષેત્ર તેમજ સિવિલ, મિકેનિકલ, કેમિકલ એન્જિનિયરિંગ અને માહિતી પ્રૌદ્યોગિકી જેવા ક્ષેત્રોની રોજગારલક્ષી તકો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે દિપકભાઈ પ્રવિણભાઈ અમીન દ્વારા ખાસ કરીને કરવેરા અને હિસાબી ક્ષેત્ર અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કોસ્ટ એકાઉન્ટન્ટ, કંપની સચિવ અને વાણિજ્ય ક્ષેત્રમાં ઉપલબ્ધ કારકિર્દી તકો અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓને માહિતગાર કર્યા હતા. તેમણે પોતાના માર્ગદર્શનમાં પ્રાયોગિક તાલીમનું મહત્વ, ઉદ્યોગક્ષેત્રની વર્તમાન જરૂરિયાતો અને ભવિષ્યમાં ઉપલબ્ધ કારકિર્દી અવસરો અંગે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી.

બે કામદારો દાઝ્યા બાદ ફોરેન્સિક તપાસ હાથ ધરાઈ

## અંકલેશ્વરની કેડીલા ફાર્મા કંપનીમાં આગની ઘટનાની વૈજ્ઞાનિક તપાસ શરૂ

ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગે ક્લોઝર નોટિસ ફટકારી

(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.11
અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કેડીલા ફાર્માસ્યુટિકલ કંપનીમાં થયેલી બ્લાસ્ટ બાદ આગની ગંભીર ઘટનાને લઈ હવે તપાસનો દોર તેજ બન્યો છે. કંપનીના એમપીપી-૨ પ્લાન્ટમાં બનેલી ઘટનામાં બે કામદારો ગંભીર રીતે દાઝી જતા સમગ્ર ઔદ્યોગિક વિસ્તારમાં ચિંતા ફેલાઈ હતી. ઘટનાને પગલે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફ.એસ.એલ) ટીમ દ્વારા વૈજ્ઞાનિક તપાસ શરૂ કરવામાં આવી છે, જ્યારે ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગે કંપની સામે કડક વલણ અપનાવી ક્લોઝર નોટિસ ફટકારી છે. મળતી માહિતી મુજબ કેડીલા ફાર્મા કંપનીના એમપીપી-૨ પ્લાન્ટમાં બે દિવસ અગાઉ સોડિયમ કાર્બોનેટ લોડિંગની કામગીરી ચાલી રહી હતી ત્યારે અચાનક જોરદાર બ્લાસ્ટ થયો હતો.

બ્લાસ્ટ બાદ પ્લાન્ટના ભાગમાં આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. ઘટનામાં ફરજ પર રહેલા બે કામદારો ગંભીર રીતે દાઝી ગયા હતા. તાત્કાલિક અન્ય કર્મચારીઓ અને સેફ્ટી સ્ટાફ દ્વારા આગ પર નિયંત્રણ મેળવવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી તેમજ ઈજાગ્રસ્ત કામદારોને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા જ અંકલેશ્વર પોલીસ, ફાયર વિભાગ તેમજ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા.

60 વર્ષ બાદ પ્રતિમાને સુરક્ષિત સ્થળે ખસેડવાનો નિર્ણય

## નડિયાદના સ્ટેશન રોડ પર કાંસ રિનોવેશન માટે સરદાર પટેલની પ્રતિમા કામચલાઉ ઉતારાશે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.11
નડિયાદના સ્ટેશન રોડ પર હાથ ધરાયેલી કાંસ રિનોવેશનની કામગીરીને પગલે વર્ષ 1966માં સ્થાપિત કરવામાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પૂર્ણ કદની પ્રતિમાને કામચલાઉ ધોરણે ઉતારવાનો નિર્ણય લેવાયો છે. પ્રતિમાની બિલકુલ નીચેથી કાંસ પસાર થતો હોવાથી મશીનરી દ્વારા થતા ખોદકામ દરમિયાન પ્રતિમાને નુકસાન ન પહોંચે તે માટે તકેદારીના ભાગરૂપે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ઐતિહાસિક પ્રતિમાને સુરક્ષિત રીતે ઉતારીને અન્યત્ર સેફ સાઈડ પર મુક્યા બાદ કાંસનું કામ પૂર્ણ થયે પુનઃ સ્થાપિત કરાશે. નડિયાદ શહેરના વ્યસ્ત એવા સ્ટેશન રોડ પર તાલુકા પંચાયત કચેરીથી ત્રિમૂર્તિ કોમ્પ્લેક્સ સુધીનો માર્ગ કાંસની કામગીરી માટે પતરા મારીને કોર્ડન કરી દેવાયો છે. અહીં ચાર રસ્તા પર



આવેલી સરદાર પટેલની પ્રતિમાની આસપાસની લોખંડની રેલિંગો દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. કાંસ રિનોવેશનમાં ભારે મશીનરીનો ઉપયોગ થતો હોવાથી વાઈબ્રેશન અથવા ખોદકામના કારણે પ્રતિમાના પાયાને અસર થવાની ભીતિ છે. આથી વહીવટી તંત્ર દ્વારા આ પ્રતિમાને આદરપૂર્વક અને સુરક્ષિત ટેકનિકલ પદ્ધતિથી ઉતારવાનું આયોજન કરાયું છે. વર્ષ 1966માં નડિયાદના નાગરિકો દ્વારા લોકફાળા અને સહયોગથી ઉભી કરાયેલી આ પ્રતિમાનું અનાવરણ તત્કાલીન નગરપાલિકા પ્રમુખ અને અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આશરે 60 વર્ષ જેટલા લાંબા સમય બાદ આ પ્રતિમાને તેના મૂળ સ્થાનેથી હટાવવામાં આવી રહી છે. જરૂર પડશે તો પ્રતિમાની નીચે આવેલી બેઠકને પણ હટાવીને ત્યાં કાંસના નવા માળખાનું નિર્માણ કરાશે. હાલમાં જૂના કાંસના પાણીને ડાયવર્ટ કરવાની જટિલ પ્રક્રિયા ચાલી રહી છે જે પૂર્ણ થયા બાદ પ્રતિમાને ઉતારવાનું કાર્ય વેગ પકડશે. ટ્રાફિક અને જનસુવિધાને ધ્યાનમાં રાખીને કોન્ટ્રાક્ટર દ્વારા કોર્ડન કરેલા વિસ્તારમાં ઈમરજન્સી એક્ઝિટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી કોઈ કટોકટીના સમયે એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર જેવા વાહનો સરળતાથી પસાર થઈ શકે. શહેરની આ મહત્વની ઓળખ સમાન પ્રતિમાને નુકસાન ન થાય તે માટે તંત્ર દ્વારા એન્જિનિયરોની દેખરેખ હેઠળ કામગીરી કરવામાં આવશે.

દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાયા

## અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે બાજુ કચરાના ઢગલામાં આગ, નાસભાગ મચી

**ફાયર વિભાગે** પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી



(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.11
અંકલેશ્વર નજીક નેશનલ હાઈવેની બાજુમાં આવેલ ડમ્પિંગ સાઈટ ખાતે કચરામાં આગ લાગવાની ઘટના સામે આવતા વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ફાયર વિભાગે સમયસર પહોંચી આગ પર કાબૂ મેળવી મોટી દુર્ઘટના ટાળી હતી. મળતી માહિતી મુજબ અંકલેશ્વર નજીક રાજપીપલા ચોકડી પાસે નેશનલ હાઈવેની બાજુમાં આવેલી વર્ષા હોટલના પાછળના ભાગે ગડખોલ ગ્રામપંચાયતની ડમ્પિંગ સાઈડમાં સંગ્રહિત કચરાના જથ્થામાં બપોરના સમયે અચાનક આગ લાગી હતી. આગ ઝડપથી ફેલાતા દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા આકાશમાં દેખાતા વાહનચાલકો તેમજ આસપાસના લોકોમાં દોડધામ મચી હતી. ઘટનાની જાણ થતાં જ જીઆઈડીસી નોટિફાઈડ વિસ્તારના ડીપીએમસી ફાયર વિભાગને માહિતી આપવામાં આવી હતી. જાણ મળતા જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની નોંધાઈ નથી. પ્રાથમિક અનુમાન મુજબ કચરામાં લાગેલી આગનું કારણ હજુ સ્પષ્ટ બન્યુ નથી, જોકે ગરમી કે સળગતા કચરાને કારણે આગ લાગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## સોમનાથ મંદિરના પુનરોદ્ધારના ૭૫ વર્ષ નિમિત્તે આયોજિત ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનના પ્રતીક સમાન ઐતિહાસિક અવસર

'સોમનાથ અમૃત મહોત્સવ'માં ઉપસ્થિત રહેતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી



(પ્રતિનિધિ) વડોદરા, તા.11
ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે સોમનાથ મંદિરના પુનરોદ્ધારના ૭૫ વર્ષ નિમિત્તે આયોજિત ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનના પ્રતીક સમાન ઐતિહાસિક અવસર 'સોમનાથ અમૃત મહોત્સવ'માં વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પૂર્વે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હેલિપેડ થી વીર હમીરજી ગોહિલની પ્રતિમાં સુધી ભવ્ય રોડ-શો યોજ્યો હતો અને રોડ-શો બાદ તેઓએ સોમનાથ મંદિરમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે દેવાધિદેવ મહાદેવજીની મહાપૂજા-અર્ચના અને જળાઅભિષેક કરી ૧૪૦ કરોડ દેશવાસીઓ સહિત સમગ્ર વિશ્વના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. રોડ-શો દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે ભારતીય વાયુસેનાની સૂર્ય કિરણ એરોબેટિક ટીમ દ્વારા સોમનાથ મંદિરના આકાશમાં અદ્ભુત એર શો અને દિલધડક કરતબ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. મંદિર પરિસરમાં ₹વિનાશ પર વિકાસની રૂપરેખાને અંકિત કરતા વિશેષ પ્રદર્શનને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નિહાળ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હેલિપેડ થી વીર હમીરજી ગોહિલની પ્રતિમાં સુધીના રોડ-શો માં સુંદર રીતે શુશોભિત કરાયેલ સમગ્ર રૂટ પર વિશાળ સંખ્યામાં શિવભક્તો, સાધુ-સંતો, વિવિધ સમાજના અગ્રણીઓ અને સોમનાથવાસીઓ, સનાતનપ્રેમીઓએ આ ઐતિહાસિક, અવિસ્મરણીય અને અદભૂત રોડ-શો ના સાક્ષી બની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું "હર હર મહાદેવ", "જય સોમનાથ" તેમજ "ભારત માતા કી જય" ના ગુંજારા સાથે ભવ્ય સ્વાગત કર્યુ હતું. રોડ-શો દરમિયાન બંગાળી નાગરિકો દ્વારા પણ પ્રધાનમંત્રીશ્રીને રૂડો આવકાર આપવામાં આવ્યો હતો. શંખ અને ડમરુના પ્રચંડ અને પવિત્ર ધ્વનિનાદ તેમજ 'હર હર મહાદેવ' ની ગુંજ સાથે સોમનાથમાં આયોજિત રોડ- શો માં અલૌકિક ભકિતમય વાતાવરણનું સર્જન થયું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખુલ્લી કારમાં ઊભા રહી ઉલ્લાસભેર વિશાળ જનસમુદાયને વંદન કરી સૌ નાગરિકોના અભિવાદનને આત્મીયતાપૂર્વક ઝીલ્યું હતું. શ્રી મોદીજીએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પૃષ્પાંજંલિ અર્પણ કરી વંદન કર્યા હતાં. સોમનાથ અમૃત મહોત્સવમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના વક્તવ્યની શરૂઆત "જય સોમનાથ" અને "હર હર મહાદેવ"ના નાદ સાથે કરી હતી અને જણાવ્યું કે આજે પ્રભાસ પાટણ ની પવિત્ર ધરતી અદભૂત આધ્યાત્મિક ઉર્જાથી ધબકી રહી છે. મહાદેવનો સાક્ષાત્કાર, વરસતા પુષ્પો, કેસરીયા ધ્વજની આભા, કળા-સંગીત-નૃત્યની અભિવ્યક્તિ, વેદમંત્રોના ગુંજતા નાદ, ગર્ભગૃહમાં ચાલી રહેલા શિવ પંચાક્ષરીના અખંડ પાઠ અને સાગરની લહેરોના જયઘોષથી જાણે સમગ્ર સૃષ્ટિ એકસાથે "જય સોમનાથ" ઉચ્ચારી રહી હોય તેવી અનુભૂતિ થઈ રહી છે. તેમણે જણાવ્યું કે, આ સૃષ્ટી જેનાથી સર્જિત થાય છે જેનામાં લય થઈ જાય છે, આજે આપણે તેમના ધામના પુનર્નિર્માણનો ઉત્સવ ઉજવી રહ્યા છીએ. પ્રથમ વિધ્વંસના હજાર વર્ષ પછી પણ સોમનાથનું અવિનાશી સ્વરૂપ ભારતની અડગ આસ્થાનું પ્રતિક છે. આ સોમનાથના મંદિરના હાલના સ્વરૂપના પ્રાણ પ્રતિષ્ઠાના 75 વર્ષની માત્ર ઉજવણી નથી, પરંતુ હજાર વર્ષોની અમૃત યાત્રાનો અનુભવ છે. 1947માં દેશ સ્વતંત્ર બન્યો અને 1951માં સોમનાથની પ્રાણ પ્રતિષ્ઠાએ ભારતની સ્વતંત્ર ચેતનાનો ઉદઘોષ કર્યો. સરદાર વલ્લભભાઈ પટેલ એ 500થી વધુ રિયાસતોને એકતામાં બાંધીને આધુનિક ભારતનું નિર્માણ કર્યું.

નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે સુનિયોજિત કાર્યક્રમનુ આયોજન કરાયું

## "વૈશ્વિક ધોરણોને અનુરૂપ પ્રવાસન સ્થળોના વિકાસ" વિષયક બે દિવસીય રાષ્ટ્રીય પરામર્શ કાર્યશાળાનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા નર્મદા જિલ્લાના કેવડિયા(એકતાનગર) ખાતે "વૈશ્વિક ધોરણોને અનુરૂપ પ્રવાસન સ્થળોના વિકાસ" વિષયક બે દિવસીય રાષ્ટ્રીય પરામર્શ કાર્યશાળાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યશાળામાં કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ, ઉદ્યોગ જગતના હિતધારકો તેમજ વિષય નિષ્ણાંતોએ ભાગ લીધો હતો.



દેશભરમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક, ટકાઉ અને અનુભૂતિ આધારિત પ્રવાસન સ્થળોના વિકાસ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કાર્યશાળાનો પ્રારંભ ભારત સરકારના પ્રવાસન મંત્રાલયના અધિક સચિવ તથા મહાનિર્દેશક શ્રી સુમન બિલ્લાના પ્રારંભિક ઉદ્બોધનથી થયો હતો. ત્યારબાદ પ્રવાસન મંત્રાલયના સચિવ શ્રી ભૂવનેશ કુમારે ઉપસ્થિતોને સંબોધિત કર્યા હતા.

કેન્દ્રીય પ્રવાસન મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે કાર્યશાળાની અધ્યક્ષતા સંભાળી ભારતના પ્રવાસન સ્થળોને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક અને ટકાઉ બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પ્રવાસન આધારભૂત સુવિધાઓ અને પ્રવાસન સ્થળોના વિકાસ માટે કેન્દ્ર સરકાર સતત સહયોગ આપતી રહેશે, પરંતુ વિશ્વસ્તરીય પ્રવાસન સ્થળોના સંયુક્ત દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ પણ સંકલિત આયોજન, ગંતવ્ય વ્યવસ્થાપન, વ્યવસાય સુગમતા, ટકાઉ વિકાસ અને હિતધારકોની સક્રિય ભાગીદારી દ્વારા મહત્વપૂર્ણ યોગદાન આપવું આવશ્યક છે.કેન્દ્રીય પ્રવાસન રાજ્યમંત્રી શ્રી સુરેશ ગોપીએ પણ ઉપસ્થિતોને સંબોધિત કર્યા હતા અને ભારતના પ્રવાસન પરિતંત્રને વધુ મજબૂત બનાવવા તેમજ વિવિધ પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓના અનુભવને વધુ સમૃદ્ધ બનાવવા માટે સહયોગાત્મક પ્રયાસોની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

## PM મોદીના રોડ શો દરમિયાન વ્યવસ્થાનો અભાવ : લોકો અટવાયા

વડોદરા : શહેરમાં આજે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનને લઈ ગદા સર્કલથી એરપોર્ટ સુધી ભવ્ય રોડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો જોડાય તે માટે શહેરના હરણી વિસ્તારમાં આવેલા એપાર્ટમેન્ટ યજ્ઞપુરુષ સામે બહારગામથી આવનારી જનતા માટે બસ પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે કાર્યક્રમ દરમિયાન મૂળભૂત સુવિધાઓના અભાવને લઈને અનેક લોકોમાં નારાજગી જોવા મળી હતી. બહારગામથી આવેલા લોકો માટે પૂરતી પાણી અને જમવાની વ્યવસ્થા ન હોવાની ફરિયાદો સામે આવી છે. સ્થળ પર હાજર લોકોના જણાવ્યા મુજબ ઘણા લોકોને ફૂડ પેકેટ મળ્યા નહોતા, જ્યારે પાણીની બોટલની પણ ભારે અછત સર્જાઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ બપોરના ત્રણથી ચાર વાગ્યાની આસપાસ પાણીનો જથ્થો પૂર્ણ થઈ ગયો હતો.


Federal Bank

ફેડરલ બેંક લિમિટેડ, LCRD/અમદાવાદ વિભાગ, દુકાન નં. ૧૦૧, પહેલો માળ, સંગાથ આઈપીએલ દ્વારા સેન્ટ્રલ, પીવીઆર સિનેમાની પછી, લેક એન્ડ ગાર્ડન પાસે, મોટેરા, અમદાવાદ-૩૮૦૦૦૫.
ઈમેલ : ahdlcrd@federalbank.co.in, ફોન : ૦૭૯-૨૯૯૦૦૩૭૩, મોબાઈલ: ૯૪૨૭૮૫૮૯૯૭

**જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ**

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ જંગમ અને સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો-૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતાં**

આથી જાહેર જતનાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોઓએ સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો **ફેડરલ બેંક લિમીટેડ** (સિક્યોર્ડ ક્રેડીટર) પાસે ગીરો / ચાર્જ કરેલ છે, જેનો **પ્રત્યક્ષ કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **ફેડરલ બેંક લિમીટેડ (સિક્યોર્ડ ક્રેડીટર)** ની બાકી લ્હેંણી રકમ ની વસુલાત માટે **તા. ૦૨.૦૬.૨૦૨૬ ના રોજ "જેમ છે ત્યાં" "જેમ છે તેમ" "જે ત્યાં છે"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે, ફેડરલ બેંક લિમીટેડ (સિક્યોર્ડ બેંક લિમીટેડ) ની વેચાણની વિગત નીચે મુજબ છે.

| નં. | ઉધારકર્તાનું નામ અને સરનામું | બાકી લ્હેંણી રકમ | અનામત કિંમત અને ઈએમડી |
|---|---|---|---|
| ૧. | **(૧). શ્રી ભાવિન ગુણવંતરાય કારીયા S/o ગુણવંતરાય એ કારીયા અને (૨). શ્રીમતી વૃદા ભાવિન કારીયા W/o ભાવિન જી કારીયા, બંનેનું સરનામું :** બી-૩, આલાપ હેરીટેજ, સત્યસાંઈ હોસ્પિટલની પાસે, કાલાવાડ રોડ, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૦૫ // ૧૦૬, પહેલો માળ, એમ્પાયરીયન સ્કાયલાઈન, એસર પેટ્રોલ પંપની પાસે, રાજપથ કોમ્પ્લેક્ષ, વાસણા - ભાયલી રોડ, ભાયલી, વડોદરા, ગુજરાત - ૩૯૧૪૧૦ // બી-૨૦૨, તક્ષ કોમ્પ્લેક્ષ, વાસણા રોડ, વડોદરા, ગુજરાત - ૩૬૦૦૦૫. | **રૂા. ૭૮,૯૩,૦૯૯.૪૯ (રૂા. ઈઠયોતેર લાખ ત્રાણું હજાર નવ્વાણું અને ઓગણપચ્ચાસ પૈસા પુરા)** તા. ૦૨.૦૬.૨૦૨૬ ના સુધી | **રૂા. ૩૬,૦૦,૦૦૦/- (રૂા. છવ્વીસ લાખ પુરા)** ------------- **રૂા. ૩,૬૦,૦૦૦/- (રૂા. ત્રણ લાખ સાહીઠ હજાર પુરા)** |
| | **સ્થાવર મિલકતનું વર્ણન :-** રહેણાંક ફલેટનો આર.એસ. નં. ૧૮, ૧૯, ૨૦, બ્લોક નં. ૨૧, ટીપીએસ નં. ૨ (ભાયલી), એફપી નં. ૧, ક્ષેત્રફળ ૪૯૫૮.૦૦ સ્કે.મી. પૈકી, ભાગ-સી, ક્ષેત્રફળ ૨૩૦૬.૦૦ સ્કે.મી., મોજે -ભાયલી, તાલુકો-વડોદરા, ફલેટ નં. ૧૦૬, પહેલો માળ, એમ્પાયરીયન સ્કાયલાઈન થી જાણીતું, બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૧૮.૨૨ સ્કે.મી., અવિભાજીત હકક અને હિસ્સા સાથેની જમીનનું ક્ષેત્રફળ ૪૫.૮૮ સ્કે.મી., મોજે ગામ-ભાયલી, તાલુકો-વડોદરા, જીલ્લો-વડોદરા. **ચતુઃસીમા :- પૂર્વે :** કોમન જગ્યા અને ઓટીએસ, **પશ્ચિમે :** ઓટીએસ, **ઉત્તરે :** ઓટીએસ, **દક્ષિણે :** ફલેટ નં. ૧૦૫. | | |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને ફેડરલ બેંક લિમિટેડની વેબસાઈટ માં આપેલી લિંકનો સંદર્ભ લો એટલે કે : https://www.federalbank.co.in/web/guest/tender-notices.

**ધી ફેડરલ બેંક લિમીટડ વતી,**
**રીકવરી ડિપાર્ટમેન્ટ અમદાવાદ ડિવિઝન**
**(સરફેસી એક્ટ હેઠળ અધિકૃત અધિકારી)**